GJRJ020436742022

દાખલ તારીખ ૨૧/૧૨/૨૦૨૨
ફેસલ તારીખ ૦૮/૦૮/૨૦૨૩
અવધી

રાજકોટનાં મ્હે. પ્રિસાઈડીગ ઓફીસર
સ્પે.નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કોર્ટમાં, મું.રાજકોટ

ફોજદારી કેસ નં.૩૧૩૪૩/૨૦૨૨

સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા,
પી.ઓ.એ.- લલિતભાઈ આઈ. પરમાર,
ઠે. જવાહર રોડ, હોસ્પીટલ ચોક,
રાજકોટ. ::::::::**ફરીયાદી**

<u>વિ રૂ દ્ધ</u>

આકાશ હસમુખભાઈ પંડિત,
ઠે. દેરાસર રોડ, નાની માધાણી શેરી,
મોરબી. ::::::::**આરોપી**

<u>વિષય:ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ની કલમ-૧૩૮ મુજબની ફરીયાદ.</u>

શ્ર:::

ફરીયાદી તર્ફે : વિ. વકીલ શ્રી એ.એન.શુકલા
આરોપી તર્ફે : વિ. વકીલ શ્રી

:::

-: ચુકાદો :-

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયામાં મેનેજર દરજ્જે હાલની ફરીયાદ દાખલ કરેલ છે. આ કામના આરોપીએ ફરીયાદી બેન્ક પાસે લોનનીમાંગણી કરતા ફરીયાદી બેન્ક દ્વારા આરોપીની નાણાકીય વિગતો તપાસી ''એકસપ્રેસ ક્રેડીટ લોન'' લોન એકાઉન્ટ નં.37556847938 થી લોન આપેલ. જે લોનની કાયદેસરની લેણી રકમ સ્વીકારી બાકી નીકળતી લેણી રકમ પેટે આરોપીએ તેઓની ખાતા વાળી સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાનો ચેક નં.૫૪૨૦૯૪, તા.૦૧/૧૧/૨૦૨૨ ના રોજનો રૂ.૧,૬૬,૫૨૮/- નો લખી આપી તેમા પોતાની સહી કરી આપેલ છે સદરહુ ચેક આપતા સમયે આરોપીએ પાકું વચન, વિશ્વાસ અને ખાતરી આપેલ કે સદરહું ચેક બેંકમાં જમા કર્યે ફરીયાદીને તેઓની રકમ મળી જશે. સદરહુ ચેક ફરીયાદીએ પોતાના ખાતાવાળી બેન્ક જમા કરાવતા ''ઈન્સફીસીયન્ટ બેલેન્સ'' ના શેરા સાથે તા.૦૧/૧૧/૨૦૨૨ ના રોજ પરત ફરેલ. સદર ચેક પરત ફરતા ફરીયાદીએ આરોપીને તેમના એડવોકેટ મારફત તા.૧૯/૧૧/૨૦૨૨ ના રોજ રજીસ્ટર નોટીસ આપેલી જે નોટીસ આરોપીને તા.૨૧/૧૧/૨૦૨૨ ના રોજ બજી ગયેલ છે. તહોમતદાર એ ફરીયાદીની ચુકવવાની રકમ આરોપીએ તેમના કાયદેસરના નાણા ન ચુકવી આપી તેમની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરેલ છે જેથી ફરીયાદીએ ધી નેગો.ઈન્સ.એકટની કલમ-૧૩૮ મુજબની કાયદેસરની કાર્યવાહી કરવા હાલની ફરીયાદ કરેલ છે.

(૨) સદરહુ ફરીયાદ દાખલ થતા, કોર્ટે વેરીફીકેશન લીધા બાદ **આંક-૧** નીચે હુકમ કરી આરોપી વિરૂધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ- ૧૩૮ ના ગુના સબબ ક્રિમિનલ પ્રોસીઝર કોડ કલમ-૨૦૪ અન્વયે સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ અને આરોપી જાતે અદાલતમા હાજર થયેલા છે. તેમની **આંક-૦૫** થી **પ્લી** લેવામાં આવેલ અને આરોપીને તેની સામેનો ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧ ૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુના કબુલાત સબબ પુછતા આરોપીએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતા કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ

ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે તેમના કેસના સમર્થનમા નીચેની વિગતે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

<u>મૌખિક પુરાવો</u>

અ.નં.	વિગત	આંક
૧.	ફરીયાદી શ્રી લલિતભાઈ આઈ. પરમારનું સોગંદનામું	૪

<u>દસ્તાવેજી પુરાવા :–</u>

અ.નં.	વિગત	આંક
૧.	ઓથોરીટી લેટર	૯
૨.	લોન એપ્લીકેશન ફોર્મ	૧૦
૩.	લોન એગ્રીમેન્ટ	૧૧
૪.	એકાઉન્ટ સ્ટેટમેન્ટ	૧૨
૫.	આરોપીએ ફરીયાદીને આપેલ ચેક	૧૩
૬.	ચેક રિટર્ન મેમો	૧૪
૭.	વકીલ શ્રી મારફત મોકલાવેલ નોટીસ	૧૫
૮.	રજી.એડી.મોકલાવ્યાની પોસ્ટ ખાતાની પહોંચ	૧૬
૯.	ટ્રેક રિપોર્ટ	૧૭

(૪) ત્યારબાદ આરોપી તર્ફે ફરીયાદીની ઉલટતપાસ કરવા અનેક તકો આપવામા આવેલ છતા આરોપી કે તેમના વકીલશ્રી હાજર રહેતા ન હોય કે કોઈ રજુઆત ન હોય ફરીયાદીની **આંક–૧૮** ની અરજી તળે આરોપીનો ફરીયાદીની ઉલટ

તપાસ કરવાનો હકક બંધ કરવાનો હુકમ કરવામા આવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષ તર્ફે **આંક–૧૯** થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ.

(૫) ત્યારબાદ સદરહુ ફરીયાદનું કામ આરોપીના ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ અન્વયેના વિશેષ નિવેદન ઉપર મુકવામાં આવેલ. ત્યારબાદ આરોપીનું ક્રિમિનલ પ્રોસીઝર કોડ ૧૯૭૩ કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવા માટે રાખવામા આવતા આરોપી ગેર હાજર રહેતા તેમનો વિશેષ નિવેદનનો હકક બંધ કરવામા આવેલ છે.

(૬) ત્યારબાદ હાલનુ કામ ફરીયાદપક્ષ તથા બચાવપક્ષની દલીલો ઉપર આવતા ફરીયાદપક્ષના વિ.વ.શ્રી દવારા મૌખીક દલીલો કરેલ છે અને આરોપી તરફે કોઈ રિપોર્ટ કે રજુઆત ન હોય આરોપીનો દલીલોનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૭) ફરીયાદપક્ષે રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક–દસ્તાવેજી પુરાવા ઘ્યાને રાખતા નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થયેલ છે.

–:: મુદ્દાઓ ::–

/૧/ શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ફરીયાદવાળો ચેક આરોપીએ પોતાના કાયદેસરના દેવાની ચુકવણીપેટે ફરીયાદીને લખી આપેલ જે નિયમ સમયમાં વટાવવા ફરીયાદીએ પોતાની બેંકમાં રજુ કરતાં વગર સ્વિકારાયે પરત ફરેલ, જેને નિયત સમયમાં પોષ્ટ મારફતે કાયદેસરની નોટીસ આરોપીને મોકલાવેલ, જે મળવા છતાં આરોપીએ નોટીસનો અમલ ન કરી ફરીયાદવાળા ચેકની રકમ ફરીયાદીને ન ચૂકવી **ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૮** મુજબ સજાને પાત્ર ગુન્હો કરેલ છે ?

/૨/ શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો, આ પછી તરતજ દર્શાવેલ કારણો

તથા ચર્ચાના અંતે નીચે મુજબ છે.

૧. હ કા ર માં.

૨. આખરી હુકમ મુજબ.

/// કા ર ણો ///

મુદા નં.૧:–

(૯) આ કામે ફરીયાદપક્ષ તરફથી કરવામાં આવેલ મૌખીક દલીલો તથા ફરીયાદ પક્ષે રજુ કરેલ પુરાવાની ચર્ચા કરતાં પહેલાં ધી નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ની જોગવાઈઓ ધ્યાને લેવી આવશ્યક છે.

ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમઃ૧૩૮ ના આવશ્યક તત્વો નીચે મુજબ છે.

(૧) આરોપીએ તેમના ધ્વારા લખવામાં આવેલ ખાતામાંથી ફરીયાદીને નાણાં ચૂકવવા ચેક આપેલ

(૨) આરોપીએ ફરીયાદીને આપેલ ચેક સમગ્ર અથવા અંશતઃ દેવા માટેની જવાબદારી અદા કરવા માટે આપેલ હતો

(૩) ચેક જે તારીખે લખ્યો તે તારીખથી ૬ માસની અંદર સમય મર્યાદામાં અથવા વેલીડીટી પીરીયડ બંન્નેમાંથી જે વહેલા ચેક તે સમય મર્યાદામાં રજુ કરવામાં આવેલ હતો

(૪) તે ચેક આરોપીના ખાતામાં અપુરતા ભંડોળના કારણે પરત આવેલ છે .

(૫) ચેક પરત થયાની માહીતી મળ્યા બાદ ફરીયાદીએ નાણાંની માંગણી લેખિતમાં કરેલ હતી.

(૬) તેઓને નોટીસ મળી ગયેલ હોવાં છતાં ચેકના નાણા સમય મર્યાદામાં ચુકવી આપેલ નથી.

નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટના કાયદા મુજબ અદાલતે બે અનુમાન કરવાના રહેશે, જેમાં પ્રથમ અનુમાન કલમ–૧૩૯ અન્વયે કરવાનું રહેશે.

હવે સૌ પ્રથમ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૧૮ ધ્યાને લઈએ તો –

<u>કલમ ૧૧૮</u> – વટાઉખત વિશે માની લેવાની બાબત...

એથી વિરૂધ્ધનું સાબીત ન થાય ત્યાં સુધી નીચે પ્રમાણે માની લેવામાં આવશે.

(ક) દરેક વટાઉખત અવેજને માટે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું ને આવું દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યુ હોય તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોય તે વટાવવામાં આવ્યુ હોય અથવા તબદતલ કરવામાં આવ્યુ હોય તે અવેજને માટે સ્વીકાર્યુ હતુ તેના ઉપર શેરો કરી આપ્યો હોય તે વટાવ્યું હતું અથવા તબદીલ કર્યુ હતું.

(ખ) <u>તારીખ વિશેઃ</u>

જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉખત તે તારીખે કરી આપ્યુ અથવા લખી આપ્યું હતું.

(ગ)<u>સ્વીકારવાની સમય વિશેઃ</u>

સ્વીકારાયેલું દરેક વિનીમયપત્ર તેની તારીખ પછી અને તે પાકયાની તારીખ પહેલાં વ્યાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યુ હતું.

(ઘ) <u>તબદીલીના સમય વિશેઃ</u>

કોઈ વટાવખતની દરેક તબદીલ તે ખત પાકવાની તારીખ પહેલાં થઈ હતી.

<u>(ચ) શેરાઓના ક્રમ વિશેઃ</u>

કોઈ વટાવખત ઉપર કરેલ હોવાનુ જણાતા શેરા તે ખત ઉપર જે ક્રમમાં કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતાં.

(છ)<u>સ્ટેમ્પ વિશેઃ</u>

ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ, વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો

(જ) <u>ધારક યથાક્રમ ધારક છે એમ માની લેવાવિશેઃ</u>

કોઈ વટાવખત ધારક યથાક્રમ ધારક છે પરંતુ જયારે તે ખત તેના

કાયદેસરના માલિક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યક્તિ પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યુ હોય અથવા તે ખત કરી આપનાર અથવા સ્વીકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યું હોય ત્યારે તે ખતનો ધારક છે એમ સાબીત કરવાનો બોજો તેના ઉપર છે.

<u>કલમ ૧૩૯– ચેકના ધારણકર્તાની તરફેણમાં અનુમાનઃ</u>

વિરૂધ્ધની હકીકત સાબીત ન થાય ત્યાં સુધી એવું માનવામાં આવશે કે તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ ૧૩૮ માં દર્શાવ્યા મુજબ કોઈ ભાગમાંથી બોજમુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે.પાછો ફરેલ ચેક વર્તમાન લેણાનો કે જવાબદારી પુરી કરવા માટેનો હતો તેવું અનુમાન કરીને દેવા પરત્વેનો ન હતો તે ચેક આપનાર ઉપર છે. ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો અને ઊભય પક્ષકારો તરફથી કરવામાં આવેલ દલીલની ચર્ચા કરીએ તે પહેલા પુરાવાના બોજા અંગેની ચર્ચા કરવી જરૂરી જણાય છે. સીમાચિન્હ ના. સુપ્રિમ કોર્ટના સંખ્યાબંધ ચુકાદાથી એ સિધ્ધાંત પ્રસ્થાપિત થયેલ છે કે જયારે આરોપીએ ચેક ફરીયાદીની તરફેણમાં આપેલ હોવાનું પુરવાર થતું હોય તેવા સંજોગોમાં ચેક કાયદેસરના લેણાં પેટે કે જવાબદારી પેટે આપેલ હોવાનું અદાલતે અનુમાન કરવાનું રહે છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ અન્વયે ધારકની તરફેણમાં અનુમાન કરવામાં આવે છે. અલબત્ત આ અનુમાન ખંડનાત્મક હોય છે અને આરોપીએ તે ચેક કાયદેસરના દેવા અને જવાબદારી પેટે આપેલ ન હોવાનો બચાવ લઈ શકશે. વિવિધ ઘણા બધા ચુકાદાઓ ધ્વારા પ્રસ્થાપિત થયેલ છે કે આરોપીએ પોતાનો બચાવ પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના સિધ્ધાંતના આધારે પુરવાર કરવાનો હોય છે. વધુમાં આરોપીએ પોતાનો બચાવ રજુ કરવા માટે વીટનેસ બોકસમાં પણ આવવું જરુરી નથી. એટલે કે આરોપીએ પોતાનો બચાવ નિશંકપણે પુરવાર કરવાનો હોતો નથી, પરંતુ ચેકના ધારકની તરફેણમાં કરવામાં આવતાં કલમ–૧૩૯ ના અનુમાનમાં માત્ર શંકા ઉપસ્થિત કરવાની હોય છે અને આરોપી જો આવી શંકા ઉપસ્થિત કરવામાં સફળ થાય તો જ ત્યારબાદ તે અંગેનો બોજો ફરીયાદીના શીર પર શીફટ થાય છે અને ત્યારબાદ ફરીયાદપક્ષે પોતાનો કેસ નિશંકપણે પુરવાર કરવાનો હોય છે. આમ, ઉપરોકત પુરાવાના સિધ્ધાંતને ધ્યાને રાખીને ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ પુરાવો અને આરોપીપક્ષ તરફથી રજુ થયેલ પુરાવો અને આરોપી ધ્વારા લેવામાં આવેલ બચાવનું મુલ્યાંકન અત્રેની અદાલતે કરવાનું રહે છે. ફરીયાદપક્ષે રજુ રાખેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા તેમજ રજુ કરેલ બચાવ આ તમામ દસ્તાવેજી તથા મૌખીક પુરાવાઓને સોનાના

ત્રાજવામાં(ગોલ્ડન સ્કેલ) ઉપર મુલવણી કરવી જરૂરી છે. તેમજ ન્યાયશાસ્રના સ્થાપિત સિધ્ધાંત મુજબ પુરાવાના મુલ્યાંકનને વ્યાખ્યાતીત કરવામાં આવેલ નથી.પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવું અને આરોપી સંભવિત બચાવ રેકર્ડ પર લાવી શકેલ છે કે કેમ તે દરેક કેસની હકીકતો અને સંજોગો ઉપર આધારીત હોય છે. પુરાવાના મુલ્યાંકનનો આધાર પુરાવાના કાયદાની કલમ–૩ માં કરવામાં આવેલી '' સાબીત '' અને '' નાસાબીત'' ની વ્યાખ્યા ઉપર આધારીત છે. સાબીત થયેલી હકીકતો કોને કહેવાય અને તે જોવામાં આવે તો અદાલત સમક્ષ જે બાબતો ઉપરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યક્તિ કે જે તે સંજોગોમાં જે હકીકતનું અસ્તીત્વ હોવાનું માને તો તેવી હકીકત સાબીત થયેલી ગણાય અને અદાલત એક હકીકતનું અસ્તીત્વ માને અથવા એટલી હદે અસ્તીત્વ સંભવિત માને કે એક સમજદાર વ્યક્તિ જે તે સંજોગોમાં તેવું અસ્તીત્વ છે તેવી ધારણાથી વર્તે અલબત્ત ગણીત જેવી ચોક્કસતા અને ચુસ્તતાનો આગ્રહ અનઉપેક્ષીત છે.

(૧૦) હાલના કામે ફરીયાદપક્ષ કાયદેસરનું લેણું સાબિત કરી શકેલ છે કે નહી તેની ચર્ચા કરતા અગાઉ આ કામે નામ.સુપ્રિમ કોર્ટ તથા અન્ય વડી અદાલતોના ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંત ધ્યાને લેવા આવશ્યક છે.

In the matter between **M/s Prajapati Oil Industries through owner Rameshbhai V/S State of Gujarat reported in 2004(1) GLH Pg.365**, Hon'ble Gujarat High Court has held that, as soon as a cheque is issued in favour of a party the presumption is that, it is issued against consideration. The burden to rebut this presumption is on the person who issues the cheque. In absence of such rebuttal it can not be said that cheques were without consideration. Also, Hon'ble Gujarat High Court in para-25 of its judgment held that, on a bare reading of Section-138 of the act it is clear that as soon as cheque is produced of record, a presumption will arise about the consideration that the negotiable instrument concerned was made or drawn for consideration.

In the matter between **Mangubhai Mansukhram Pandya V/S Pranjivan Tribhovandas Purohit, reported in 1991(2) GLH Pg.65 Hon'ble Gujrat High Court has held that,** Section-118 of the N.I.Act raises a statutory presumption that,

- There was consideration for every negotiable instrument. This presumption continues until it is rebutted.

- Onus of proof that there was no consideration is on the defendant.

- Initial burden lies on the plaintiff to prove execution of the pronote. But once the burden discharged court has to raise the statutory presumption.

નામદાર સુપ્રિમ કોર્ટે **Bharat Barrel And Drum Manufacture Company LTD V/S Amin Chand Payrelal, 1999(3) SCC 35** ના ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ છે કે, ' The Bare denial of the passing of the consideration apparently does not appear to be any defence. Something which is probable has to be brought on record for getting benefit the onus of proving to the plaintiff. To disprove the presumption, the defendant has to bring of record such facts and circumstances upon consideration of which the court may believe that the consideration does not exist or its non-existence was so probable that a prudent man would, under the circumstances of the case, act upon the plea it did not exist."

આ ઉપરાંત નામદાર સુપ્રિમ કોર્ટે **K.N.Beena V/S Muniyappan, 2001(0) AIR(SC) 2895 તથા Hiten P. Dalal V/S Bratindranath Banerjee, 2001(6) SCC-16** ના ચુકાદમાં પ્રસ્થાપીત કરેલ છે કે, Burden of proving that cheque had not been issued for any debt or liability is on the accused. Denial avernments in reply by accused are not sufficient to shift burden of proof on to the complainant. Accused has to prove in trial by leading cogent evidence that there was no debt or liability. Further held that, setting a side of conviction on basis of some formal evidence led by accused is not proper.

આ ઉપરાંત નામદાર સુપ્રિમ કોર્ટના **Krishna Janardhan Bhat V/S Dattatraya G. Hegde (2008(0) Cr.LJ 1172), K. Prakashan V/S P. K. Surenderan (2008(1) SCC(Crimes)200) તથા Rangappa V/S Sri Mohan (AIR 2010 SC 1898)** ના ચુકાદાઓમાં નામદાર સુપ્રિમ કોર્ટે પ્રસ્થાપિત કરેલ છે કે, આરોપી પ્રી પોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી જેટલો

પુરાવો આપે તો પણ અનુમાનોનું ખંડન થયેલુ ગણી શકાય અને ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની **કલમ–૧૩૯** ના અનુમાનનું ખંડન કરવા માટે આરોપીએ, સાક્ષીના પાંજરામાં આવવુ જરૂરી નથી.

(૧૧) હાલના કામે ફરિયાદપક્ષ તર્ફે રજુ થયેલ તમામ મૌખીક–દસ્તાવેજી પુરાવાની વિગતે ચર્ચા કરીએ તો તે નીચે મુજબ છે.

ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક–૪** થી ફરીયાદી **શ્રી લલિતભાઈ આઈ. પરમાર**નું સરતપાસનું સોગંદનામું ધી નેગોશ્યેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૫ હેઠળ રજુ કરેલ છે અને તેમાં ફરીયાદ **આંક–૧** માં જણાવ્યા મુજબની વિગતો જણાવેલ છે. જેથી બીનજરુરી તેનું પુનરાવર્તન કરવામાં આવતું નથી. વધુમાં, ફરીયાદીએ તેની ફરીયાદ તથા સોગંદનામાનાં સમર્થનમાં દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે જેનું મુલ્યાંકન કરવામાં આવે તો, **આંક–૯** થી ઓથોરીટી લેટર, **આંક–૧૩** થી આરોપી એ ફરીયાદીને આપેલ ચેક, **આંક–૧૪** થી ઉપરોકત ચેક પરત ફર્યાનો બેન્કનો રિટર્ન મેમાઓ, **આંક–૧૫** થી ફરીયાદીએ આરોપીને વિધ્વાન વકીલશ્રી મારફતે મોકલાવેલ નોટીસ ની સ્થળપ્રત, **આંક–૧૬** થી આરોપીને રજી.એ.ડી. કર્યાની પહોચ, **આંક–૧૭** થી ટ્રેક રીપોર્ટ રજુ કરેલ છે જે ધ્યાને લીધેલ છે. ત્યારબાદ આ કામ આરોપી તર્ફે ફરીયાદીની ઉલટતપાસ માટે મુલત્વી રાખવામાં આવેલ. પરંતુ આરોપી તર્ફે અનેક તકો આપવા છતા ફરીયાદીની ઉલટ ન કરતા, ફરીયાદીની **આંક–૧૮** ની અરજી હેઠળ આરોપીનો ઉલટ તપાસ કરવાનો હકક બંધ કરવાનો હુકમ કરવામા આવેલ છે. ફરીયાદીની સરતપાસમાં રજુ થયેલ સદરહુ તમામ દસ્તાવેજી પુરાવાઓ અસલ તથા જાહેર દસ્તાવેજો હોય તેમજ સદરહુ તમામ દસ્તાવેજી પુરાવાઓને ફરીયાદીના સરતપાસ સોગંદનામા હેઠળ સમર્થન મળતું હોય સદરહુ દસ્તાવેજી પુરાવાઓને ન માનવા કોઈ કારણ ઉપસ્થિત થતું જણાતું નથી. આ કામે આરોપીનું ક્રિમિનલ પ્રોસીઝર કોડ કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોધાવવાની આરોપીને તક આપવામા આવેલ છે તેમ છતાય આરોપી હાજર રહેલા ના હોય, આવુ નિવેદન નોધાઈ શકેલ નથી. આ કામે આરોપીએ પોતાના ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૧ ના નિવેદનમા જ કોઈ બચાવ રજૂ કરેલ નથી. તેમજ પોતાના બચાવ તકરારોના

સમર્થનમાં આરોપીએ જાતે કોર્ટ સમક્ષ વિટનેસ બોક્ષમાં આવીને સોગંદ ઉપર પુરાવો આપેલ નથી કે અન્ય સાહેદોને તપાસેલ નથી. જેથી ફરીયાદપક્ષ તર્ફે રજુ કરેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાને ખંડન કરતો કોઈ જ પુરાવો રેકર્ડ પર આવેલ નથી.

(૧૨) ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ–૨૦ મુજબ જયારે ચેક લખનાર, ચેક ધારણ કરનારને ચેક સહી કરીને આપે ત્યારે તે ચેકમાની વિગતો લખવાની કે પૂર્તતા કરવાની ચેક ધારણ કરનારને પ્રથમદર્શનીય રીતે ઓથોરીટી આપેલ છે, તેવુ અનુમાન કરવાનું રહે છે. ચેકમા આરોપીની સહી નથી કે આ ચેક આરોપીનો નથી તેવી બચાવ તકરાર ન હોઈ તેમજ ફરીયાદીની ઉલટતપાસ કરી ફરીયાદીના પુરાવાને પડકારેલ ન હોય કે તેથી વિરૂધ્ધની કોઈ હકીકત રેકર્ડ પર લાવેલ ન હોય ત્યારે રજુ અસલ ચેક કે જે એક જાહેર દસ્તાવેજ છે તેને ન માનવાને કોઈ કારણ ઉપસ્થિત થતું નથી.આ કામે **આંક–૧૪** થી અસલ બેન્ક રિટર્ન મેમાઓ રજુ કરવામાં આવેલ છે, જેમા ''ઈન્સફીસીયન્ટ બેલેન્સ'' ના કારણે વાદગ્રસ્ત ચેક પરત કરેલાનું જણાવેલ છે, **આંક–૧૫** થી આરોપીને વિધ્વાન વકીલશ્રી મારફત આપવામાં આવેલ નોટીસની સ્થળપ્રત રજુ કરવામાં આવેલ છે, **આંક–૧૬** થી લીગલ નોટીસ રજી.એડી.કર્યાની પહોચ રજુ કરવામાં આવેલ છે. આરોપી તર્ફે નોટીસમાં જણાવેલ સરનામે આરોપીને નોટીસ મળેલ નથી કે ફરીયાદીની નોટીસ બજેલ નથી તેવી કોઈ બચાવ તકરાર આરોપીએ જાતે હાજર રહી લીધેલ નથી કે તે સં બંધે કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવો રજુ કરી તે હકીકત પુરવાર કરેલ નથી તેમજ ફરીયાદપક્ષ તર્ફે રજુ ઉપરોકત દસ્તાવેજી પુરાવાઓનું ખંડન આરોપી તર્ફે ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન કે વિરુધ્ધનો પુરાવો રજુ કરીને કરવામાં આવેલ નથી, કે જેના ઉપરથી એવુ પુરવાર થાય કે, આરોપીને નોટીસની બજવણી થયેલ નથી. આ સંજોગોમાં ફરીયાદપક્ષ તર્ફે રજુ દસ્તાવેજી પુરાવા ન માનવાને કોઈ કારણ ઉપસ્થિત થતું જણાતું નથી. આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮(એ) તથા કલમ–૧૩૯ માં ઠરાવેલ પુર્વધારણાઓનું ખંડન કરવા ફરીયાદપક્ષના પુરાવા ઉપર આધાર રાખેલ છે, પરંતુ તેનુ ખંડન કરવામાં નિષ્ફળ રહેલ છે.

(૧૩) આ કામે આરોપીપક્ષે ફરીયાદીની ફરીયાદ હકીકતનો માત્ર ઈન્કાર કરેલ છે તે સિવાય કોઈપણ સ્પષ્ટ બચાવ લીધેલ નથી તેમ છતાં આ કામે રેકર્ડ ઉપરના ઉપસ્થિત પુરાવા અને હકીકતોનું મુલ્યાંકન કરવામાં આવે તો, સૌ પ્રથમ આ કામના આરોપીએ પ્લી નોંધતા સમયે, કેસની સમગ્ર ટ્રાયલ દરમ્યાન ફરીયાદવાળા ચેકોમાં પોતાની સહી બાબતે કોઈ સ્પષ્ટ તકરાર લીધેલ નથી. આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા આરોપી પક્ષે કલમ-૧ ૩૯ ની કાયદાના અનુમાનનું ખંડન કરતો પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ છે કે કેમ? તે સંદર્ભે સૌપ્રથમ જોવામાં આવે તો, **આંક-૧૩** વાળા ચેકમાં આરોપીની સહી હોવા બાબતે કોઈ તકરાર લીધેલ નથી તે સંજોગોમાં નામ.સુપ્રિમ કોર્ટના **AIR 2010 S.C. 1989,(Rangappa V/s. Sri Mohan) Criminal Appeal No. 1020 of 2010 ના ચુકાદા** મુજબ ચેકના યથાનુંક્રમના ધારક-હોલ્ડર ઈન ડયુ કોષની તરફેણમાં અદાલતે અનુમાન કરવાનું હોય છે. જેથી પ્રાથમીક તબકકે ફરીયાદવાળો ચેક આરોપીએ ફરીયાદીના કાયદેસરના લેણાંની જવાબદારી સ્વીકારી ઈસ્યુ કરેલા હોવાનું અનુમાન કરેલ છે જેથી આરોપીએ પોતાની સહી કરી હાલના ફરીયાદવાળા ચેક ફરીયાદીને આપેલ હોવાનું માનવાને કારણ રહે છે. આમ, ફરીયાદવાળા વિવાદીત ચેક અન્વયે જયાં સુધી વિરૂઘ્ધની હકીકત પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી ચેકની તમામ હકીકતો સાચી અને ખરી હોવાનું અનુમાન કરવાનું રહે છે. વધુમાં એકટની કલમ-૧૧૮ સાથે વંચાણે લેતા કલમ-૧૩૯ ના અનુમાનો મુજબ વિવાદીત ચેક આરોપીએ કોઈ દેવાની પુર્ણ કે અંશત: ચુકવણી સારૂ અથવા તો અન્ય કોઈ જવાબદારી અદા કરવા સારૂ આપેલ હશે તેવું અનુમાન કરવાનું રહે છે. અલબત આ અનુમાનો ખંડનાત્મક છે. પરંતુ જયાં સુધી આવા અનુમાનોનું આરોપીપક્ષ ઘ્વારા ખંડન કરવામાં ન આવે ત્યાં સુધી આ કાનુની અનુમાનો ફરીયાદીની તરફેણમાં અને આરોપીની વિરૂઘ્ધમાં અસ્તિત્વમાં રહે છે. વધુમાં કાનુની અનુમાનોનું ખંડન આરોપીપક્ષ ફરીયાદીની ઉલટ તપાસ ઘ્વારા, પોતે કોઈ લેખિત કે મૌખિક પુરાવો રજુ કરીને અથવા તો ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં રજુ રાખેલ રેકર્ડ ઉપરના ઉપલબ્ધ પુરાવામાં સંભવિત શંકા ઉત્પન્ન કરીને પણ અનુમાનોનું ખંડન કરી શકે છે. પરંતુ આ કામે રેકર્ડ આધારે જોતા આરોપીપક્ષ ઘ્વારા તેમની વિરૂઘ્ધના અનુમાનોનું ખંડન કરવા માટે કોઈ જ સક્રિય પ્રયત્નો કરેલ નથી. વળી,

પ્રાથમિક તબકકે જ આ કામે ફરીયાદપક્ષ ધ્વારા સરતપાસનું સોગંદનામું રજુ રાખ્યા બાદ આરોપીપક્ષ તરફે ઉલટ તપાસ કરવામાં આવેલ નથી. ફરીયાદીની ઉલટ તપાસ કરવા માટે આરોપીપક્ષને પુરતી અને વ્યાજબી તકો આપવામાં આવ્યા બાદ પણ આરોપીપક્ષે ફરીયાદીની ઉલટ તપાસ માટે કોઈ જ સક્રિય પ્ર યત્ન કરેલ ન હોય જેથી આરોપીનો ફરીયાદીની ઉલટ તપાસનો હક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ પણ આરોપીપક્ષ ધ્વારા ફરીયાદીની ઉલટ તપાસ કરવાનો હક ખોલવા માટે કોઈ અરજ અહેવાલ અત્રેની કોર્ટ સમક્ષ કરવામાં આવેલ નથી કે અત્રેની કોર્ટના આ હુકમને પડકારવામાં આવેલ નથી. આમ, ફરીયાદીની ઉલટ તપાસ ધ્વારા પોતાનો બચાવ રજુ કરવાની પણ આરોપી ધ્વારા દરકાર લેવામાં આવેલ નથી. તેમજ ત્યારબાદ પણ એફ. એસ. માટે હાજર રહેલ નથી કે અંતિમ તક સ્વરૂપે દલીલ કરવાની પણ દરકાર લીધેલ નથી. જેથી હાલનું કામ પુરાવાકીય મુલ્યાંકન આધારે ગુણદોષ ઉપર આખરી ઠરાવ માટે રાખવામાં આવેલ છે. આરોપી નામદાર કોર્ટમાં હાજર થયા પછી કેસની કાર્યવાહી આગળ ચલાવવા હાજર રહેલ નથી. **આરોપીને તેઓની સામે હાલનો કેસ નામદાર કોર્ટ પેન્ડીંગ છે તે જાણમાં છે તેમ છતાં કેસની કાર્યવાહી માટે હાજર રહેલ નથી. ચેક રીટર્નના કેસોનો કોર્ટોમાં ખુબ જ ભરાવો છે. જો કેસના દરેક તબકકે આરોપીને પકડ વોરંટ ઈસ્યુ કરી હાજર રખાવવા પ્રયત્નો કરવામાં આવે તો ચેકના કેસોનો નિકાલ કરવાનુ કામ ખુબ જ મુશ્કેલ બની રહે. આરોપીને તેઓની સામે કેસની કાર્યવાહી કોર્ટમાં ચાલી રહેલ હોવાનુ જાણમાં છે તેમ છતાં હાજર ન રહી કેસની કાર્યવાહી વિલંબીત કરવાના ઈરાદાથી હાજર રહેલ ન હોવાનુ આરોપીના વર્તન ઉપરથી જણાઈ આવે છે. કાયદો જાગૃત વ્યકિતને મદદ કરે છે. આમ આરોપી તેઓની સામેના કેસમાં કોઈ બચાવ રજુ કરવા માગતા નથી તેવુ અનુમાન કરી શકાય.**

(૧૪) આ કામે સમગ્ર ટ્રાયલ દરમ્યાન બચાવપક્ષે ફરીયાદીએ રજુ કરેલ ઉપરોકત વર્ણવ્યા મુજબના દસ્તાવેજી પુરાવા સંદર્ભે કોઈ સ્પષ્ટ તકરાર લીધેલ નથી કે ફરીયાદપક્ષે રજુ કરેલ દસ્તાવેજોમાં જણાવેલ હકીકતોથી વિરૂધ્ધની હકીકત રેકર્ડ ઉપર લાવવા માટે કોઈ પ્રયત્ન સુધ્ધા કરેલ ન હોય જેથી આ દસ્તાવેજ અને તેમાં નોંધેલ હકીકતો નહીં માનવાને કોઈ સ્પષ્ટ અને વાજબી કારણો ઉપસ્થિત રેકર્ડમાં જણાઈ આવતા નથી. આ કામે ફરીયાદવાળા ચેક

ડીસઓનર થયા બાદ ફરીયાદી ધ્વારા કાયદેસરની નોટીસ આરોપીના સાચા અને ખરા સરનામે મોકલવામાં આવેલ છે અને તે નોટીસની આરોપીને બજવણી થયેલ છે. આરોપીપક્ષે ચેક રીર્ટનની નોટીસ બજેલ નથી તે અંગે કોઈ તકરાર લીધેલ નથી કે કોઈ બચાવ રજુ કરેલ નથી કે, તેવી હકીકતથી વિરૂઘ્ધની હકીકત સાબિત કરવા કોઈ પ્રયત્ન કરેલ નથી. વધુમાં બચાવપક્ષે નોટીસનું પાલન ન કરતા ફરીયાદપક્ષ ધ્વારા સમય મર્યાદામાં હાલની ફરીયાદ દાખલ કરવામાં આવી હોઈ, જેથી ઉપરોકત તમામ વિગતો ઘ્યાને લેતા ફરીયાદપક્ષ ધ્વારા એકટની કલમ–૧૩૮ ના આવશ્યક તત્વોનું પાલન કર્યાબાદ હાલની ફરીયાદ સમય મર્યાદામાં દાખલ કરેલ હોઈ, ત્યારે ફરીયાદપક્ષની તરફેણમાં એકટની કલમ– ૧૩૮, ૧૧૮ સાથે વંચાણે લેતા કલમ–૧૩૯ ના અનુમાન કરવાના રહે છે કે, ''આરોપી ધ્વારા ફરીયાદવાળા ચેક ફરીયાદીના કાયદેસરના લેણાં અને જવાબદારી પેટે આપવામાં આવેલ હતા અને ફરીયાદીએ પણ તે ચેક પોતાના આરોપી પાસે કાયદેસરના લેણાં પેટે અથવા તો જવાબદારી પેટે સ્વીકારેલ હતા.'' ઉપરોકત અનુમાનોનું ખંડન કરવાની બચાવપક્ષને તક મળી રહે છે. પરંતુ રેકર્ડ ઘ્યાને લેતા આરોપીએ ફરીયાદવાળા ચેક કાયદેસરના દેવા અથવા તો જવાબદારી પેટે આપેલ ન હતા તેવો કોઈપણ સ્પષ્ટ બચાવ લઈ તે બચાવને આરોપીપક્ષે રેકર્ડ ઉપર પુરવાર કરવા માટે પ્રયત્ન સુઘ્ધા કરેલ નથી. આ કામે આરોપીએ માત્ર પોતાની પ્લીમાં ગુન્હો કરેલ ન હોવાનો બચાવ લીધેલ છે તે સિવાય અન્ય કોઈ સ્પષ્ટ બચાવ લીધેલ નથી કે આવા બચાવને પુરવાર કરવા માટે કોઈ સફળ પ્રયત્ન કરેલ નથી. જેથી સમગ્ર રેકર્ડ ઘ્યાને લેતા બચાવપક્ષ પોતાના શીરે આવેલ કાનુની અનુમાનોનું ખંડન કરવા કોઈ પણ જાતના પ્રયત્ન કરેલ ન હોય, બચાવપક્ષને કાનુની અનુમાનોનું ખંડન કરવા સંપુર્ણપણે નિષ્ફળ ગયેલ હોવાનું રેકર્ડ ઘ્યાને લેતા સ્પષ્ટપણે જણાઈ આવે છે. વધુમાં આ કામે ફરીયાદપક્ષે ફરીયાદ હકીકતને સમર્થનકારી રજુ કરેલ દસ્તાવેજી પુરાવાથી વિરૂઘ્ધની કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવવા આરોપીપક્ષે પ્રયત્ન કરેલ નથી કે આવા દસ્તાવેજોને પડકારવામાં આવેલ નથી. જયારે આ દસ્તાવેજોને ફરીયાદીના સરતપાસના સોગંદનામાથી સમર્થન મળેલ હોય તે સંજોગોમાં આ દસ્તાવેજો અને તેમાં નોંધેલ હકીકતોને નહિં માનવાને કોઈ જ વાજબી કારણ ઉપસ્થિત રેકર્ડમાં જણાઈ આવતું નથી.

(૧૫) **<u>કાયદેસરનું લેણું :–</u>**

ફરીયાદપક્ષ તફે ઉપરોકત રજુ થયેલ ફરીયાદીનું સોગંદનામું તેમજ દસ્તાવેજી પુરાવા ચેક, ચેક રિટર્ન મેમો, નોટિસની સ્થળપ્રત, નોટિસ બજી ગયા બાદ આરોપી ખુદ કોર્ટમાં હાજર રહેલ છે અને પ્લી લેવામા આવેલ છે ત્યારબાદ સદરહુ કામે ફરીયાદીના ઉપરોકત મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે જે તમામ હકીકત આરોપીના ઘ્યાન ઉપર છે તેમ છતાં આરોપીએ કોઈ બચાવ લીઘેલ નથી. તેમજ વાદગ્રસ્ત ચેક વાળુ ખાતુ પણ આરોપી પોતે નીભાવતા ન હોવા અંગેનો પણ બચાવ આરોપીએ લીઘેલ નથી તેમજ આરોપીએ કોર્ટમા હાજર રહી કોઈ બચાવ લીઘેલ નથી તેમજ વાદગ્રસ્ત ચેક તેઓએ આપેલ ન હોવાનો કોઈ બચાવ અત્રેની કોર્ટમાં હાજર રહી લીઘેલ નથી કે આરોપીએ અત્રેની કોર્ટમાં હાજર રહી કોઈ મૌખીક પુરાવો રજુ કરેલ નથી કે કોઈ દસ્તાવેજી પુરાવા આઘાર હાલના કામે રજુ રાખેલ નથી તેમજ આરોપીએ ખુદે કોર્ટમાં હાજર રહી તેમની સામેના ગુનાનો ઈન્કાર કર્યા બાદ તેમના બચાવમાં આરોપીએ કોઈ પુરાવો રજુ કરેલ નથી. આમ, આરોપીએ અત્રેની કોર્ટમાં હાજર રહી ફરીયાદીના પુરાવાનુ ખંડન કરેલ નથી. વઘુમાં વાદગ્રસ્ત ચેકવાળુ ખાતુ આરોપીનુ ન હોવાનુ કે ચેકમાં પોતાની સહી ન હોવા અંગેનો કોઈ બચાવ આરોપી દવારા લીઘેલ નથી. આરોપી જાતે પોતાનો બચાવ રજુ કરવા જાતે વિટનેસ બોક્ષમાં આવી જુબાની આપેલ નથી કે અન્ય કોઈ સાહેદોને તપાસી તેમનો બચાવ પુરવાર કરેલ નથી. આમ, ફરીયાદી તરફે તેમના જે દસ્તાવેજો રજુ કરેલ છે તેનુ ખંડન કરવા કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ આરોપી તરફે રજુ કરવામાં આવેલ નથી. વઘુમાં સેકશન–૨૦ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ મુજબ જયારે કોઈ ચેક કોઈ વ્યકિત સહી કરીને આપતા હોય તો તે કાયદેસરના લેણા પેટે આપેલ હોય તેવુ અનુમાન કોર્ટે કરવાનુ રહે છે અને તેનો ખંડનાત્મક પુરાવો રજુ કરવાની જવાબદારી જે તે વ્યકિત ચેક આપનાર હોય તેની રહે છે. આરોપીએ સદરહુ બાબતનો ખંડનાત્મક પુરાવો નામદાર કોર્ટ સમક્ષ રજુ કરેલ નથી ત્યારે હાલની ફરીયાદમાં પુરાવામાં રજુ રહેલ ચેક આરોપીએ ફરીયાદીને કાયદેસરના લેણા પેટે આપેલ હોવાનુ જણાય આવે છે. જેથી આરોપી સામે જે અનુમાન કલમ –૧૩૯ મુજબ ઉપસ્થિત થાય કે સદર ચેક લેણા પેટે આપવામાં આવેલ

છે જે ખંડનાત્મક અનુમાન હોય છે તેનુ ખંડન મૌખીક કે દસ્તાવેજી પુરાવાથી કરવામાં આરોપી નિષ્ફળ નીવડેલ છે તેમજ હાલના કેસમાં પુરાવા જોતા આરોપીના એફ.એસ. તેમજ દલીલનો હકક બંધ કરવામા આવેલ છે અને આરોપીએ ફરીયાદીના પુરાવાનું ખંડન કરતો કે શંકા ઉપજાવે તેવો કોઈ સચોટ અને વિશ્વસનીય પુરાવો રેકર્ડ ઉપર રજુ કરવામા નિષ્ફળ ગયેલ છે. ત્યારે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ–૧૩૯ નાપ્રિઝમ્પ્શન મુજબ તેમજ **નામદાર સુપ્રિમ કોર્ટે ૨૦૧૦ (૧) ડી.સી.આર. ૭૦૬,રંગપ્પા વિરુઘ્ધ શ્રી મોહન** ના કેસમા ઠરાવેલ સિઘ્ધાંત મુજબ જયાં સુધી આરોપી વિરુઘ્ધનો પુરાવો ન આવે, અગર તો ફરીયાદીનો પુરાવો વિશ્વસનીય રીતે રિબર્ટ ન થાય ત્યાં સુધી ચેક કાયદેસરની જવાબદારીના દેવા પેટે આપેલ છે હાલના કામે આરોપીને સમન્સ બજતા પ્લી લેવાયા બાદ પણ આરોપી કોર્ટમાં તેમનો બચાવ કરવા હાજર રહેલ નથી તેમજ તેમના તર્ફે કોઈ અરજી આપેલ નથી તે જોતાં તેમજ કોર્ટનું રજુ થયેલ રેકર્ડ જોતા ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાનું ખંડન કરવામા આરોપી સંપૂર્ણપણે નિષ્ફળ જાય છે જેથી આ કામે **મુદ્દા નં.૧** નો નિર્ણય **હકારમાં** આપી અને આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના માટે ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ– ૨૫૫(૨) તકસીરવાન ઠરાવવામાં આવે છે.

(૧૬) આ કામે રેકર્ડ જોતા હાલનો કેસ **સને ૨૦૨૨** માં દાખલ થયેલ છે. ત્યારબાદ આ કામમાં પક્ષકારોનો પુરાવો રજુ કરવા માટે પુરતી તકો અપાયેલ છે. આ કામમાં આરોપી હાજર ન રહેતા કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. આમ સદરહુ કામ જોતા ખુબજ જુનુ કામ હોય કેસની ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવેલ છે. આ સંજોગોમાં નામ. ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો **૨૦૧૭(૩) જી.એલ.એચ. પાના નં. ૧૪૬ શરદ જેઠાલાલ સાવલા વિરુઘ્ધ સ્ટેટ ઓફ ગુજરાત** ના ચુકાદામાં નામ. ગુજરાત હાઈકોર્ટે ઠરાવ્યા મુજબ આરોપીની ગેરહાજરીમા પણ જજમેન્ટ આપી શકાય. હાથ પરના કેસમાં આરોપી હાજર રહેતા નથી જેથી આરોપીની ગેરહાજરીમાં જજમેન્ટ જાહેર કરેલ છે.

(૧૭) ઉપરોકત જણાવેલ કારણોસર આરોપીને નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનાના કામે તકસીરવાન ઠરાવેલ છે ત્યારે સદર

કાયદાની જોગવાઈ જોઈએ તો,ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુના અંગે આરોપીને બે વર્ષ સુધીની સાદી કેદ અથવા ચેક ની રકમ થી બમણી રકમ સુધી નો દંડ અથવા બંને, તે મુજબની શિક્ષાત્મક જોગવાઈ કરવામાં આવેલ છે. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટઅંગેના કાયદાનો મુળભુત હેતુ દેશમાં આર્થિક વ્યવહારોમાં વિશ્વસનીયતા જળવાઈ રહે અને આર્થીક વ્યવહારો સરળતાથી ચાલે, તે જોવાનો રહેલો છે. ચેક એ એક એવું મહત્વનું નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ છે કે જે પ્રવર્તમાન સમયમાં દેશના આર્થિક વ્યવહારોમાં મહત્વનું સ્થાન ધરાવે છે અને તે સંજોગોમાં ચેક વગર સ્વીકારાયે પરત ફરવા અંગેના ગુનાઓને હળવાશથી લઈ શકાય નહી. ફરીયાદીએ સદરહુ ગુના અંગે આરોપીને સજા કરવા તેમજ વળતર અપાવવા માટે રજુઆત કરેલ છે.આરોપી વિરૂધ્ધનો ગુનો આર્થિક વ્યવહારને લગતો છે.આર્થિક વ્યવહાર તે કોઈપણ દેશની અર્થવ્યવસ્થા માટે જીવનરેખા સમાન છે. આરોપીને પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ, ૧૯૫૮ નો લાભ આપવાથી સમાજમાં આ પ્રકારનો ગુનો કરનારને ઉત્તેજના મળે અને તેની વિપરીત અસર દેશની અર્થવ્યવસ્થાને થાય માટે આરોપીને પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટ,૧૯૫૮ નો લાભ ન આપતા કાયદામાં ઠરાવેલ પુરી સજા ન કરતા દાખલારૂપ સજા થાય અને ફરીયાદીને યોગ્ય વળતર મળે તે હેતુથી **મુદા નં.૨** અંગે નીચે મુજબ આખરી હુકમ કરુ છું.

–:: આખરીહુકમ ::–

આ કામના આરોપીને ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૫(૨) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ના ગુના સબબ તકસીરવાન ઠરાવી **૧(એક)વર્ષની** સાદી કેદની સજા કરવામાં આવે છે.

આરોપીએ ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ–૩૫૭(૩) અન્વયે ફરીયાદીને વળતર પેટે **રૂા.૧,૬૬,૫૨૮–૦૦/–(શબ્દોમાં–રૂપિયા એક લાખ છાસઠ હજાર પાંચસો અઠયાવીસ પુરા)** દિન–૬૦ માં ચુકવી આપવા. જો આરોપી સદર વળતરની રકમ ચુકવવામાં કસુર કરે તો આરોપીએ વધુ **૧ (એક) માસની** સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમની એક નકલ આરોપીને ક્રિ.પો.કોડની કલમ–૩૬૩ અન્વયે વિના મુલ્યે પુરી પાડવી.

આરોપી આજરોજ ચુકાદાના દિવસે હાજર ન હોય તેમજ મુક્તિ અરજી રજુ ન હોય આરોપી વિરૂધ્ધ આ સજાના અમલ સંબંધેનું બીનજામીનલાયક વોરંટ પ્રોસેસ ફી ભર્યેથી ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ચૂકાદો આજ તા.૦૮, માહે–ઓગસ્ટ સને ૨૦૨૩ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ **(ડી. એસ. ત્રિવેદી)**
તા.૦૮/૦૮/૨૦૨૩ **પી.ઓ.,સ્પે.એન.આઈ.એ.કોર્ટ,રાજકોટ**
(UIC No.GJ RE 003)